સને ૨૦૨૦-૨૧ના નાણાંકિય વર્ષ દરમ્યાન પ્રપોઝડ ગ્રાન્ટમાં ૨૦% ની મર્યાદામાં ખર્ચ કરવા બાબત.........

# હિસાબ નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

જા.નં.આકૃયુ/હિનિ/કંન્ટ્રોલ શાખા/ ૯ /૨૦૨૦ તારીખ: ૨૬/ ૦૪ /૨૦૨૦

## -: પરિપત્ર:-

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીમાં કાર્યરત પ્લાન/નોન પ્લાન/આઇ.સી.એ.આર. તથા અધર એજન્સી યોજનાઓમાં સને ૨૦૨૦-૨૧ ના નાણાંકીય વર્ષ દરમ્યાન ગ્રાન્ટ ફાળવણીના હુકમો ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણેની સુચાનાઓને આધીન પ્રપોઝડ ગ્રાન્ટમાં ખર્ચ કરવા જણાવવામાં આવે છે.

૧. પ્લાન/નોન પ્લાન યોજનાઓમાં નિયમિત પગાર માટે ૧૦૦% ખર્ચ કરવો, જ્યારે મેડીકલ રીએમ્બેર્સમેન્ટ/મુસાફરી ભથ્થાં બીલ/એલ.ટી.સી.બીલ/૧૦ દિવસ રજા પગાર તથા અન્ય પગાર ભથ્થાં એરીયર્સના બીલોનો ખર્ચ રેગ્યુલર ગ્રાન્ટ ફાળવવામાં આવે ત્યારે કરવો.

૨. કન્ટીજન્સી ખર્ચ માટે ગત નાણાંકીય વર્ષમાં કન્ટીજન્સી સદરે થયેલ કુલ ખર્ચના નોન પ્લાન યોજનાઓમાં ૨૦%ની મર્યાદામાં તથા પ્લાન યોજનાઓમાં ૩૦%ની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

૩. આઇ.સી.એ.આર. તથા અધર એજન્સી યોજનાઓમાં ફરજ વજાવતા અધિકારી/કર્મચારીશ્રીઓના નિયમિત પગાર ભથ્થાંનો ખર્ચ ગત નાણાંકીય વર્ષમાં પગાર-ભથ્થાં સદરે થયેલ કુલ ખર્ચના ૪૦ %ની મર્યાદા સુધીજ કરવાનો રહેશે. ત્યારબાદ જે રેગ્યુલર ગ્રાંટ મળેલ હશે તો જ રેગ્યુલર પગાર-ભથ્થાના બીલો પાસ કરવામાં આવશે. જ્યારે કન્ટીજન્સી, અન્ય ભથ્થાં બીલો તથા એરીયર્સ બીલોના ખર્ચ રેગ્યુલર ગ્રાંટ ફાળવ્યા પછી જ કરવાનો રહેશે.

૪. જે યોજનાની કામગીરી માટે પ્રવાસ કરવામાં આવે, તેવા પ્રવાસ ભથ્થાંનો ખર્ચ તે જ યોજનાના બજેટ સદરે ઉધારવાનો રહેશે. જેથી તે યોજનામાં કરેલ ખર્ચ નો હેતુ જળવાઇ રહે.

૫. જે કચેરીઓમાં આઇ.સી.એ.આર. તથા અધર એજન્સી યોજનાઓ ચાલતી હોય, તેવી યોજનાઓની ગ્રાન્ટ સમયસર મેળવવા યોજનાના નિયત્રંણ અધિકારીશ્રીએ પુરતા પ્રયત્નો કરવાના રહેશે, ફંડ મેળવવા અંગે હાફ ડીમાન્ડ આ કચેરી મારફત જે તે ફંન્ડીંગ ઓથોરીટીને સમયસર મોકલી આપવાની રહેતી હોય, જે તે યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીએ આ બાબતે અંગત કાળજી રાખી સમય મર્યાદામાં આ કચેરીને રજુ કરી આપવાની રહેશે.

૬. સરકારશ્રી તરફથી નોન પ્લાન યોજનાઓમાં પગાર ભથ્થાં પુરતી જ ગ્રાંટ ફાળવવામાં આવતી હોવાથી વર્ષ: ૨૦૨૦-૨૧ દરમ્યાન નોન પ્લાન યોજનામાં ફકત આવશ્યક ખર્ચ સિવાય અન્ય કોઇ ખર્ચ કરવો નહી, તેમજ જે તે યોજનાની આવક તે જ યોજનામાં જમા થાય તેની કાળજી કચેરી વડાએ રાખવાની રહેશે.

૭. નોન પ્લાન યોજનામાં વધુ ને વધુ આવક જમા થાય તે અંગે યોજનાના વડા/કચેરીના વડાશ્રીએ તમામ પ્રયત્નો કરવાના રહેશે.

૮. ઉપરોક્ત વિગતે પ્રપોઝડ ગ્રાન્ટમાં કરેલ ખર્ચ અને ૨૦૨૦-૨૧ના વર્ષ માટે ફાળવવામાં આવનાર રેગ્યુલર ગ્રાન્ટ સામે સરભર કરી લેવાનો રહેશે.

સદરહું પરિપત્ર માન. કુલપતિશ્રીએ આ વિભાગની ફાઇલ પર આપેલ મંજુરી અન્વયે જારી કરવામાં આવે છે.

હિસાબ નિયામક

**નકલ સવિનય રવાના:-**

૧. સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારુ.

૨. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારુ.

૩. સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ અમલ સારુ.

૪. આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તમામ ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ અમલ સારુ.

૫. હિસાબી અધિકારીશ્રી(પીએફ/પેન્શન), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ અમલ સારુ.